### અંગ્રેજ શાસન કાળમાં બનાવેલી પૂર સંરક્ષણ દીવાલ તોડી પડાતાં ખેડા શહેર માટે ચિંતાજનક સ્થિતિ સર્જાશે

# ખેડામાં વર્ષો જુની સંરક્ષણ દીવાલ બિનઅધિકૃત રીતે તોડીપડાતાંવિવાદ

**વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ** તોડી પાડવાનો મુદ્દો હજુ શમ્યો નથી ત્યારે ઐતિહાસિક સંરક્ષણ દીવાલ તોડી નાખી હોવાથી આક્રોશ

(પ્રતિનિધિ) ખેડા તા 29

ખેડા શહેરમાં વાત્રક નદીના પુરના પાણી ખેડા શહેરમાં ઘૂસે નહી તે માટે અંગ્રેજોએ સંરક્ષણ દીવાલ બનાવી હતી. જે રવિવારના બપોરના સુમારે કોઈ અજાણ્યા વ્યક્તિઓ દ્વારા આ સંરક્ષણ દીવાલ તોડી નાખતા ત્યાં રહેતા સ્થાનિકોને માટે ભવિષ્યમાં પૂર આવવાનો ભય વ્યક્ત થવા પામ્યો છે.

આ વર્ષો જૂની દીવાલ કોણે તોડી પાડી એ બાબતે કોઈ બોલવા તૈયાર નથી.સ્થાનિક વોર્ડના પાલિકાના ભાજપના સભ્યને આ બાબતની જાણ થતા તેમને તાત્કાલીક ચીફ ઓફિસરનો સંપર્ક કર્યો હતો. અને આ બાબતે પાલિકા તરફથી તોડવા માટે ઓર્ડર થયો છે તેમ પૂછતાં પોતે અજાણ હોય અને આ બાબતની ખબર નથી તેમ જણાવ્યું હતું

ખેડા ચીફ ઓફિસરને જાણ થતા તેમને પાલિકાના એન્જીનીયર અને કર્મચારીને સ્થળ તપાસ માટે મોકલ્યા હતા. જોકે હજી સુધી ખેડા પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.



થોડા સમય પહેલા જ લકુમ્બા તળાવ પાસે બનાવેલો ટ્રીટમેન્ટ પ્લાન્ટ તોડી પાડ્યાનો વિવાદનો ઉકેલ આવ્યો નથી ત્યાં બીજો એક વિવાદ ઉભો થયો છે.

#### કસુરવાર સામે કાર્યવાહી કરવા કાઉન્સિલરની માંગ

ખેડા નગરપાલિકા હદમાં આવેલી વર્ષો જુની સંરક્ષણ દીવાલ તોડી પાડવા અંગે ભારે આક્રોશ ભભૂક્યો છે. ત્યારે આ બાબતે સ્થાનિક વોર્ડના કાઉન્સિલર શૈલેષ ભાઈ રાણાએ સ્થાનિકોને સાથે રાખીને આ બાબતે ચીફ ઓફિસરને ઉગ્ર રજુઆત કરી હતી .જે લોકોએ આ દીવાલ તોડી છે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે રજુઆત કરવામાં આવી છે.

#### સ્થળ તપાસ કરવામાં આવી છે : એન્જિનિયર

સંરક્ષણ દીવાલ તોડી પાડવામાં આવી હોવાથી અનેકવિધ મુશ્કેલીઓ સર્જાવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. ત્યારે દીવાલ તોડવા બાબતે ખેડા પાલિકાના એન્જીનીયર જણાવેલ છે કે સ્થાનિક કાઉન્સિલર દ્વારા જાણ થતા સ્થળ તપાસ કરી છે. હાલમાં ચીફ ઓફિસર ચાર્જમાં હોવાથી આવશે ત્યારે આ બાબતે ચર્ચા કરીને સંરક્ષણ દીવાલ કોણે તોડી તેની તપાસ કરીને આગળ કાયદેસરની કાર્યવાહી કરીશું.

### રાષ્ટ્રભાવના સાથે પ્રાકૃતિક ખેતીના પવિત્ર મિશનમાં જોડાઈએ: રાજ્યપાલ

# રાસાયણિક ખેતીથી જમીન જળ અને વાયુ પ્રદુષિત થયા

**આણંદ કૃષિ** યુનિવર્સિટીના 22મા પદવીદાન સમારોહમાં 589 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત




(પ્રતિનિધિ) આણંદ તા.29

'રાસાયણિક ખેતીને કારણે જમીનનો ઓર્ગેનિક કાર્બન જે 2થી 2.5 ટકા હતો, તે ઘટીને આજે 0.2થી 0.4 ટકા થઈ ગયો છે. જેનાથી જમીન બંજર બની રહી છે. ખેતરમાં વપરાતું યુરિયા અને ડીએપી પાણીમાં ભળીને ગંભીર બીમારીઓ ફેલાવી રહ્યું છે અને તેનાથી ઉત્પન્ન થતો નાઈટ્રસ ઓક્સાઈડ કાર્બન ડાયોક્સાઈડ કરતાં 312 ગણો ખતરનાક છે. યુરિયા અને ડીએપીથી જળ, જમીન અને વાયુ પ્રદુષિત થઈ રહ્યા છે.' તેમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સોમવારે આણંદ કૃષિ યુનિવર્સિટીના 22મા પદવીદાન સમારંભમાં જણાવ્યું હતું.

આણંદ કૃષિ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં 589 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે હાજર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, હરિક્રાંતિ સમયે ડો.સ્વામિનાથને એક હેક્ટરમાં 13 કિલો યુરિયા વાપરવા ભલામણ કરી હતી. આ ઉપરાંત પરંપરાગત ખેતી ન છોડવા પણ જણાવ્યું હતું. પરંતુ ખેડૂતોએ યુરિયા અને ડીએપીનો ઉપયોગ વધારી દીધો છે. આજે એક હેક્ટરમાં 13 ગુણ યુરિયા વપરાય છે. જે ખૂબ જ ખતરનાક છે. આ ખાતરમાં લેવામાં આવી રહેલા પાકોથી વિવિધ રોગ જન્મી રહ્યાં છે. આથી, યુવા સ્નાતકોને રાસાયણિક ખેતીનો ત્યાગ કરી દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા અને તેના પર સંશોધન કરવા આહવાન કર્યું છે.

આ પદવીદાન સમારંભમાં કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને પદ્મશ્રી ડો. જે. એમ. વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં શિક્ષણ અને પદવી વિતરણ નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સીટીના કુલપતિ ડો. જે. એમ. વ્યાસે જ્ઞાન એ જ જીવનનું અંતિમ લક્ષ્ય છે. હોવાનું જણાવ્યું હતું.

આ સમારોહમાં 387 સ્નાતક અને 202 અનુસ્નાતક મળી કુલ 589 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. તેજસ્વી વિદ્યાર્થીઓને 13 ગોલ્ડ મેડલ્સ સહિત અન્ય એવોર્ડ્સથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલના હસ્તે યુનિવર્સિટી પરિસરમાં રૂ. 4.07 કરોડના ખર્ચે સેન્ટર ફોર પ્રિસિઝન ફાર્મિંગ સિસ્ટમ અને રૂ. 4.10 કરોડના ખર્ચે અન્ય બે બિલ્ડિંગોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, બોરસદ ચોકડી ખાતે પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ કેન્દ્રનું પણ ઉદ્ઘાટન કરાયું હતું.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, સાંસદ મિતેશભાઈ પટેલ, જિલ્લા અગ્રણી સંજયભાઈ પટેલ, કલેક્ટર પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી સહિત કૃષિ યુનિવર્સિટી અધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

#### ખેતી હવે માત્ર મજૂરી નથી પણ વિજ્ઞાન અને ઈનોવેશન છે




કૃષિ અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે અને ખેતી હવે એગ્રી સ્ટાર્ટ-અપ, ડેટા એનાલિસિસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડાઈ રહી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ભારતના જીડીપીમાં કૃષિ ક્ષેત્રનો 18થી 19 ટકા હિસ્સો છે અને તે દેશના 40 ટકા શ્રમિકોને રોજગાર પૂરો પાડે છે. સરકાર દ્વારા પીએચડીના વિદ્યાર્થીઓને આર્થિક સહાય અને નવી કોલેજોની સ્થાપના દ્વારા કૃષિ શિક્ષણને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે.

# કપડવંજ :પ્રતિબંધીત પ્લાસ્ટિક વાપરતાં પાંચ વેપારી દંડાયા

**શહેરમાં પ્રતિબંધિત** પ્લાસ્ટિકના બેફામ ઉપયોગ તથા ગંદકી સામે પાલિકાની લાલ આંખ

(પ્રતિનિધિ) કપડવંજ તા.29

કપડવંજમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક અને હલકી કક્ષાના પ્લાસ્ટિકનો બેફામપણે ઉપયોગ થઈ રહ્યો હતો, જેની જાણ કપડવંજ નગરપાલિકાને થતા કપડવંજ નગરપાલિકાએ શહેરની જુદી જુદી દુકાનો અને લારીઓ પરથી 30 કિલો જેટલો સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી રૂા. 4200નો દંડ ફટકાર્યો છે.

કપડવંજ શહેરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કેટલાક વેપારીઓ ધંધાદારીઓ કરી રહ્યા હોવાની વાત નગરપાલિકાના ચીફ ઓફિસર બીજલ પટેલને થતા તેઓએ તુરંત જ ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી હતી. શહેરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક કરી રહેલા વેપારીઓ અને ધંધાદારીઓના ત્યાં તપાસ આરંભી હતી. જેમાં શહેરની જુદી જુદી જગ્યાઓ પરથી આશરે 30 કિલો ઉપરાંતનો સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડયો છે. આ સાથે નગરપાલિકાએ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા લોકો સામે લાલ આંખ કરી રૂ.4200 રૂપિયા જેટલો દંડ ફટકાર્યો છે.



કપડવંજ પાલિકાના જણાવ્યાનુસાર, આગામી સમયમાં પણ શહેરમાં ગેરકાયદેસર રીતે સિંગલ યુઝ પ્લાસ્ટિક નો ઉપયોગ કરતા વ્યાપારીઓ કે ધંધાદારીઓ પાસે પહોંચી નથી અને જ્યાં પણ ગંદકીના ઢગ દેખાશે ત્યાં પણ તપાસ હાથ ધરાશે અને બિનજરૂરી પાણીનો વેડફાટ સામે પણ પગલાં લેવાશે. જેઓની પાસેથી સિંગલ યુઝ પ્લાસ્ટિક પકડાશે તો તેઓની સામે દંડનીય કાર્યવાહી પણ કરાશે. આ આદેશના પગલે ટીમો કામે લાગી ગઈ છે.

# મિશ્ર પાક પદ્ધતિ અપનાવવા ખેડૂતોને રાજ્યપાલની શીખ

**રાજ્યપાલ આચાર્ય** દેવવ્રતે માતરના દેથલી ગામે પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.29

માતર તાલુકાના દેથલી ગામે ગુજરાતના રાજ્યપાલ ખેડૂત ઈશ્વરભાઈ સોલંકીના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતીની શરૂઆત માત્ર અડધા વીઘાથી કરીને ઈમાનદારી પૂર્વક તેના પાંચ આયામો અને મિશ્ર પાક પદ્ધતિનો અમલ કરવો જોઈએ. શ્રેષ્ઠ ઉત્પાદન મેળવીને અન્ય ખેડૂતો માટે ઉદાહરણ પૂરું પાડવા પર તેમણે ભાર મૂક્યો હતો. માતર તાલુકાના 49 ગામોમાં પ્રત્યેક ખેડૂત ઓછામાં ઓછી અડધા વીઘા જમીનમાં પણ પ્રાકૃતિક ખેતી અપનાવે તેવો અનુરોધ કરી દરેક ગામમાં તાલીમનું આયોજન કરવા સૂચના આપી હતી. ઈશ્વરભાઈ સોલંકીના ફાર્મમાં પ્રાકૃતિક ખેતી દ્વારા ઉગાડવામાં આવેલા ફ્લાવર, કોબીજ, મૂળા, હળદર, મરચા, ટામેટી, ડુંગળી, શેરડી, સરગવો અને પપૈયા જેવા મિશ્ર પાકોનું રાજ્યપાલે નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા બાગાયત નિયામક સ્મિતાબેન પિલ્લાઈએ આ તકે માહિતી આપી હતી કે બાગાયત કચેરી દ્વારા નર્સરી વિકાસ કાર્યક્રમ હેઠળ 2.27 લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે. નેટ હાઉસના નિર્માણથી પાક સંરક્ષણ થતું હોવાનું જાણી રાજ્યપાલે આ યોજનાને આવકારી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ચાંગા ખાતે ચારુસેટની PDPIAS દ્વારા 'સાયન્સ મંથન'ની 11મી શ્રેણીની ભવ્ય સફળતા




**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન પી. ડી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઇડ સાયન્સીસ દ્વારા આયોજિત 'સાયન્સ મંથન'ની 11મી સીરીઝ ભવ્ય રીતે સંપન્ન થઇ હતી. જેમાં ગુજરાતભરમાંથી 750થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત દિલ્હી યુનિવર્સિટીના પ્રો. કે. મુરલીધરને વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ 'સાયન્સ એક્સલન્સ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ સાયન્ટૂન, સાયન્ટિફિક પોસ્ટર, વર્કિંગ મોડલ્સ અને સાયન્ટિફિક રીલ્સ જેવી વિવિધ સ્પર્ધાઓ દ્વારા વિજ્ઞાનને સર્જનાત્મકતા અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. સૌથી વધુ સહભાગીઓ ધરાવતી કોલેજને 'સાયન્સ એમ્બેસેડર એવોર્ડ' આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

### કપડવંજ તાલુકાના ભાઈલાકુઈ પ્રાથમિક શાળામાં બાળકોને ટીશર્ટ આપવામાં આવ્યુ




**કપડવંજ |** આનંદદાયી શનિવારના કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓમા ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાના શુભ આશયથી અમદાવાદના દાતા રોહન શાહ દ્વારા ડો. વિરાજબેન મુન્શાની પ્રેરણાથી અત્રેની ભાઈલાકૂઈ પ્રાથમિક શાળાના બાળકો માટે ઉંચી ગુણવત્તા વાળી ટી શર્ટ દાનમા મળી હતી. જે લીલા રંગની ટી શર્ટથી લીલોછમ આનંદદાઈ શનિવાર બની રહેશે. આ અંગે શાળા વ્યવસ્થાપન સમિતિ ભાઈલા કૂઈ તથા શાળા પરિવારે દાતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની રાષ્ટ્રીય અંધજન મંડળની બહેનો પ્રાચીન ભજન સંગીત સ્પર્ધામાં અગ્રેસર રહ્યાં



**કપડવંજ |** જુનાગઢ ખાતે અંધ કન્યા છાત્રાલય દ્વારા અંધ મહિલા પ્રાચીન ભજન સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાષ્ટ્રીય અંધજન મંડળ કપડવંજની ચાર પ્રજ્ઞા ચક્ષુ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં દંતાલી ગામના ગુંતાબેન રાજેન્દ્રભાઈ વણકરનો પ્રાચીન ભજન સ્પર્ધામાં પ્રથમ નંબર આવ્યો હતો.. જ્યારે લેખન વિભાગમાં કપડવંજના ઝંડા ગામના શ્વેતાબેન ચેતનભાઇ પટેલનો 5મો નંબર આવ્યો હતો. વીએસ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના સક્રિય કાર્યકર અલપીતાબેન દશરથભાઈ વાણંદનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

### એસપી યુનિવર્સિટીના વિદ્યાર્થીએ ગિરનારની પદયાત્રા કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો





**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના વિદ્યાર્થી જયદેવ દોમડીયાએ જૂનાગઢ ખાતે આયોજિત 'ગુજરાત ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ' કેમ્પમાં 10 દિવસમાં 140 કિમીનું અંતર પગપાળા કાપી સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી છે. આ કેમ્પ દરમિયાન વન વિભાગના અધિકારીઓ દ્વારા પ્લાસ્ટિકમુક્ત ગુજરાત, વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ બચાવ જેવી મહત્વપૂર્ણ ઝુંબેશો અંગે તાલીમાર્થીઓને વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાજ્યના 8 જિલ્લાઓમાંથી પસંદ થયેલા 30 તાલીમાર્થીઓમાં જયદેવે સ્થાન મેળવ્યું હતું.

### કપડવંજની એસસી દાણી શાળામાં 'આનંદ મેળા' દ્વારા વિદ્યાર્થીઓએ વ્યવહારુ પાઠ ભણ્યા



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત એસ.સી. દાણી શાળામાં ઉપપ્રમુખ રસિકભાઈ પટેલ દ્વારા મંત્રી અને આચાર્યની ઉપસ્થિતિમાં ભવ્ય 'આનંદ મેળા'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મેળામાં ધોરણ 6થી 12ના 220 વિદ્યાર્થીઓએ વાલીઓના સહયોગથી વાનગીઓ, આર્ટ-ક્રાફ્ટ અને મહેંદીના કુલ 53 સ્ટોલ્સ દ્વારા પોતાની કલા અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ ખરીદ-વેચાણ અને નાણાકીય વ્યવહારનું સંચાલન જાતે કરીને માર્કેટિંગ, ટીમ વર્ક અને આયોજન જેવા જીવનલક્ષી કૌશલ્યોની મહત્વપૂર્ણ સમજ પ્રાપ્ત કરી હતી. આચાર્ય પૌરવભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

### કપડવંજમાં નારાયણદેવ મંદિરનો 234મો પાટોત્સવ અને ભવ્ય 'કુંવારો' મનોરથ યોજાશે



**કપડવંજ |** કપડવંજ સ્થિત ઐતિહાસિક નારાયણદેવ મંદિર ખાતે આગામી 31મી ડિસેમ્બરના રોજ મંદિરનો 234મો પાટોત્સવ તથા ધનુર્માસ નિમિત્તે દિવ્ય 'કુંવારો' મનોરથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવની પૂર્વ સંધ્યાએ એટલે કે 30મી ડિસેમ્બરના રોજ રાત્રે 9-00 કલાકે પ્રખ્યાત કલાકાર અવિનાશ બારોટ દ્વારા ભવ્ય ભજન સંધ્યા યોજાશે. આ પાટોત્સવના દિવસે વહેલી સવારથી મંગળા આરતી, કેસર સ્નાન, ધ્વજારોહણ અને સવારે 11-30 કલાકે કુંવારો મનોરથ દર્શન જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. મંદિર ટ્રસ્ટ અને સેવક મંડળ દ્વારા આયોજિત આ મહોત્સવનો લાભ લેવા માટે આયોજક મયુર જોષી અને મિહિર જોષીએ તમામ ભાવિક ભક્તોને હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

### ઉમરેઠના વતની 3 વર્ષના બાળકે 5 સેકન્ડમાં મહામૃત્યુંજય મંત્ર બોલી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો




**ઉમરેઠ |** ઉમરેઠના વતની અને અમદાવાદ સ્થાયી થયેલા પરિવારના ધ્યાન મહેતાએ માત્ર સવા ત્રણ વર્ષની ઉંમરે મંત્રગાન કરી રિકર્ડ સ્થાપ્યો છે. ધ્યાનના માતા કોશા મહેતા (શેલત) તથા પિતા હાર્દિક મહેતાએ બાળકમાં સનાતન ધર્મના સંસ્કારોનું સિંચન કરવાના અથાગ પ્રયત્નો થકી આ સિદ્ધિ મેળવી છે. આ નાનકડા બાળકની અદભૂત સફળતાથી તેના વતનના ગામ વાંઠવાળી અને ઉમરેઠનું ગૌરવ વધ્યું છે. બાળકોને બદીઓથી દૂર રાખવા શિક્ષણની સાથે ધાર્મિક સંસ્કારોનું નિરુપણ પણ અત્યંત અનિવાર્ય હોવાનું વાલીઓએ જણાવ્યું છે.

### પેટલાદની મોરડ પ્રાથમિક શાળામાં દાતા પરિવાર દ્વારા બે શેડનું નિર્માણ કરાયું



**પેટલાદ |** પેટલાદની મોરડ પ્રાથમિક શાળામાં દાતા કાંતિભાઈ એમ. ત્રિવેદી દ્વારા પુત્ર સ્વ. વિરેશકુમારના સ્મરણાર્થે મધ્યાહન ભોજન અને જલધારા શેડનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉમદા કાર્ય બદલ આચાર્ય મનીષભાઈ સુથારે દાતા પરિવાર અને વહીવટકર્તાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ શેડના આયોજનમાં શિક્ષક હિતેન્દ્રભાઈ પટેલ અને સમગ્ર સંકલનની જવાબદારી નિભાવનાર શિક્ષક પરેશભાઈ પટેલનું વિશેષ યોગદાન રહ્યું હતું. શાળામાં નિર્માણ પામેલા આ આધુનિક શેડથી વિદ્યાર્થીઓને ભોજન અને પીવાના પાણીની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે.

### આણંદના રોકડીયા હનુમાનજી મંદિરમાં 36મી સત્સંગ અભ્યુદ સભા યોજાઈ



**આણંદ |** વડતાલવાસી સ્વામિનારાયણ સંપ્રદાયના લક્ષ્મીનારાયણદેવ ગાદી તાબાના આણંદ શહેર મધ્યે આવેલા રોકડીયા હનુમાનજી મંદિર ખાતે દર મહિનાના છેલ્લા રવિવારે યોજાતી સત્સગ અભ્યુદ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં રોકડિયા હનુમાનજી મંદિરના મહંત ભક્તવત્સલદાસજી સ્વામિએ શ્રીજીપ્યારક સ્વામીએ તથા હરિપ્યારક સ્વામીએ સુંદર કથાનું રસપાન કરાવ્યું હતું. આ સભાનું સંચાલન વહીવટકર્તા હરિકૃષ્ણભાઈ પટેલ (રોકડીયા હનુમાનજી મંદિર)એ કર્યું હતું. જ્યારે સભાને અંતે તમામ ભક્તો માટે ભોજન પ્રસાદ (શાકોત્સવ)નું આયોજન સૌમ્ય ચંદ્રકાંતભાઈ સોની (જર્મની) તરફથી કર્યું હતું.

### નડિયાદ શહેરની દીકરી આરુષિ શાહનું શૂટિંગમાં ઝળહળતું પ્રદર્શન કર્યું




**નડિયાદ |** મધ્યપ્રદેશના ભોપાલ ખાતે 68મી નેશનલ રાઇફલ શુટીંગ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં નડિયાદના જાણીતા સીએ જાગૃત શાહની પુત્રી આરુષિ શાહએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી નેશનલ ક્વોલિફાયર તરીકે સ્થાન મેળવી મોટી સફળતા મેળવી છે. આરુષિ શાહની આ અપ્રતિમ સફળતાને પગલે તેમને પ્રતિષ્ઠિત શૂટરની સિદ્ધિ હાંસલ થઈ છે. આ શાનદાર પ્રદર્શન અને રાષ્ટ્રીય સ્તરે મળેલી આ સફળતાને કારણે માત્ર પરિવાર જ નહીં, પરંતુ સમગ્ર ખેડા જિલ્લાના ગૌરવમાં વધારો થયો છે અને ચારેતરફથી તેમને અભિનંદન મળી રહ્યા છે.

### વી.ઝેડ. પટેલ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ 'ભાઈકાકા લાઈબ્રેરી'ની મુલાકાત લીધી



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વિ.ઝેડ પટેલ કોમર્સ કોલેજ દ્વારા એસ.પી. યુનિવર્સિટીની 'ભાઈકાકા લાઈબ્રેરી'ની મુલાકાત લઈ પુસ્તક વ્યવસ્થાપન અને તેના મહત્વ વિશે જ્ઞાન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓએ લાઈબ્રેરીના રેફરન્સ, આઈ.સી.ટી. અને ટેકનિકલ વિભાગોની મુલાકાત લઈ લાઈબ્રેરી દ્વારા અપાતી વિવિધ આધુનિક સેવાઓ વિશે ઝીણવટભરી માહિતી પ્રાપ્ત કરી હતી. લાઈબ્રેરી સાયન્સ વિભાગના અધ્યાપકોએ વિદ્યાર્થીઓને વાંચનનું જીવન અને કારકિર્દીમાં મહત્વ સમજાવી તેમને પુસ્તકો પ્રત્યે અભિમુખ કર્યા હતા.